# સેન્દ્રિય ખાતર અને જૈવિક ખાતરનાં ઉપયોગ દ્વારા ફળ પાકોમાં ઉત્પાદન વધારવા ખેડૂત શિબિર આયોજન



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી દ્વારા ટેસ્ટીંગ ઓફ યુનિવર્સિટી ટેકનોલોજી ઓન ફાર્મસ ફિલ્ડ યોજના અંતર્ગત ગણદેવી તાલુકાના પાથરી મુકામે જૈવિક ખાતરનાં ઉપયોગથી ચીકુ અને આંબાના પાકમાં ઉત્પાદન તેમજ ગુણવત્તા વધારવા માટે એક ખેડૂત શિબિર આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં પાથરી ગામનાં ખેડૂતોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અત્યાર સુધી ગામમાં થયેલી વિવિધ પ્રવૃતિઓ અને તેનાથી થયેલ વિકાસની માહિતી આપી અને નવસારી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સ્ટાફનો આભાર વ્યકત કર્યો. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના પ્રોગ્રામ કો ઓર્ડીનેટર ડૉ. સી. કે. ટીંબડીયાએ કૃષિ યુનિવર્સિટી દ્વારા થયેલ ખેડૂત ઉપયોગી ભલામણની જાણકારી આપી. આ સંશોધનો ખેડૂતો અપનાવે તે હેતુથી જુદી જુદી યોજનાઓ દ્વારા ખેડૂતોને જાગૃત કરવા સબબ માહિતી આપી અને ખેડૂતોને કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો વધુમાં વધુ લાભ લેવા હાંકલ કરી અને ગામમાં સહકાર અને સંગઠનની ભાવનાથી હંમેશા સુમેળભર્યુ વાતાવરણ જાળવવા સૂચન કર્યુ. આ કાર્યક્રમમાં આશરે ૧૦૦ જેટલા ખેડૂત ભાઈ બહેનોએ સક્રિય ભાગ લીધો હતો. કેન્દ્રના પાક ઉત્પાદનના વિષય નિષ્ણાંત ડૉ. શાહે આંબા અને ચીકુમાં સેન્દ્રિય અને જૈવિક ખાતર કેવી રીતે અને કેટલા પ્રમાણમા અને કયારે આપવું તે વિશે માર્ગદર્શન આપ્યું.

કાર્યક્રમના અંતે ખેડૂતોને કેન્દ્રના પ્રોગ્રામ કો ઓર્ડીનેટર, વિષય નિષ્ણાંત ડો. કટારીયા અને ગામના મુખ્ય વડીલોના હસ્તે સેન્દ્રિય ખાતર અને જેવિક ખાતરનું વિતરણ કરાયું. જેમાં દરેક ખેડૂતને ૧ એકર (૪૦ ઝાડ) માટે ૨૦૦ કિગ્રા સેન્દ્રિય ખાતર તેમજ ૪ લિટર એઝેટોબેકટર ૪ લિટર ફોસ્ફેટ કલ્ચર ૨ લિટર પોટાશ કલ્ચર આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિસ્તરણ શિક્ષણના નિષ્ણાંત ડૉ. આર. એમ. નાયકે કર્યુ હતું.